૫

PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૧/૧૮–૧૯/4763(2) તા. 29-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કણજારીયા હસમુખભાઈ ધનજીભાઈ,
વિછુડા વાળી પાણીની કેનાલ ની બાજુમા –
ગામ: રામનગર
તા. ખંભાળીયા
જી: દેવભુમી દ્રારકા
મો: ૯૭૨૩૮ ૩૬૩૯૪

**વિષય :–ખેતીની જમીન મા પોલ શીફટીગ અને વીજતાર અસેડવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૬/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગેજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૬/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીગઃ તા. ૨૨–૦૫–૧૮ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ કણજારીયા હસમુખભાઈ ધનજીભાઈ, ગામઃ રામનગર
રજુઆત કરનારઃ અરજદાર શ્રી કણજારીયા હસમુખભાઈ ધનજીભાઈ હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)
રજુઆત કરનાર :એચ.એસ.કન્ડોલીયા – નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

**ફરીયાદ : ખેતીની જમીન મા પોલ શીફટીગ અને વીજતાર ખસેડવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ:રામનગર ખાતે આવેલ પાણીની કેનાલ ની બાજુમા તેઓના ખેતીવાડી સર્વે નંબરઃ ૨૯૨ પૈકી ૨ થી આવેલ છે. તેઓની ખેતીવાડી વીજજોડાણ ની જમીન મા – વીજપોલ ના શીફટીગ માટે તા.૨૨–૦૩–૧૬ થી લેખીત અરજી પીજીવીસીએલ મા આપેલ હતી, જે બાબતે કોઈ કાર્યવાહી ન થતા – તા.૦૩–૦૫–૧૮ ના રોજ ગેરકાયદેસર રીતે આગ લાગેલ – તેઓની જમીન મા શોટ–સર્કીટ ના કારણોસર ઢોર ઢાંકર ને ઘણી જ મુશ્કેલી પડે છે. તેઓની ખેતીની જમીન મા – પૂર્વ દિશા ના ઉતર છેકે એક જીવતો વિદ્યુત વાયર પસાર થાય છે. જેના કારણોસર હમણા આગ લાગેલ હોય – મ્યુનીસીપલ દ્વારા આગ કાબુમા લાવેલ છે. આવી ઘટના અગાઉ ૦૨–૦૩ વખત થયેલ છે. પીજીવીસીએલ ના જવાબદાર અધિકારીએ જણાવેલ કે તેમની જમીન મા આવેલ પોલ અને વાયર શીફટીગ કરી આપશુ, જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી,વડત્રા દ્વારા તા.૧૯–૦૫–૧૮ ના રોજ સ્થળ ની મુલાકાત લેતા – અરજદાર ને નડતરરૂપ વીજપોલ તથા વીજતાર જે જુના વિંજનપર ખેતીવાડી ફીડર માથી આવતા હોય – જે હાલ તા.૧૯–૦૫–૧૮ ના રોજ નવુ ૬૬ કેવી રામનગર સબસ્ટેશન ચાર્જ થતા – સદર નડતરરૂપ વીજપોલ તથા જે વીજતાર ની વીજલાઈન ડીસમેન્ટલ કરવાની થતી હોય – હાલ મા પાવર સપ્લાય બંધ છે, તેમજ સદર સવાલવાળી વીજલાઈન દિન–૦૫ મા દુર કરી આપવામા આવશે. જે તે સમયે અરજદાર સ્થળ મુલાકાત સમયે હાજર ન હોય – ટેલીફોનીક વાતચીત કરી અને હકીકત સમજાવી ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી કણજારીયા હસમુખભાઈ ધનજીભાઈ, ગામ: રામનગર ની ખેતીની જમીન રે.સ.૨૯૨ થી આવેલ છે. તેઓના ખેતરમાથી વીજલાઈન પસાર થતી હોય – જેમા સાંધાવાળા તાર હોય – અગાઉ આકસ્મીક ધટના ધટેલ હોય – જેથી સદર વીજલાઈન તાત્કાલીક દુર કરવી, જેથી ભવિષ્ય મા આકસ્મીક ધટના બને નહી, તે માટે ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૩.૨ | ઉપરોક્ત મુદદા નં.૩.૧મુજબ – પીજીવીસીએલ કક્ષાએથી ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર ની રજુઆત મુજબ – તેઓના ખેતર મા પસારથતી વીજલાઈન મા હાલ પાવર સપ્લાય બંધ છે, અને જે લાઈન ડીસમેન્ટલ કરવાની થતી હોય – જે બાબત ની પીજીવીસીએલ ની કક્ષાએથી અરજદાર સાથે ટેલીફોનીક જાણકારી આપેલ હોય – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે, તેમજ વીજલાઈન ડીસમેન્ટલ કરવાની થતી કામગીરી દિન–૦૫ મા પૂર્ણ કરી અને અત્રે ના ફોરમ ને લેખીત પત્ર મારફત જાણકારી આપવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.